ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વના કોર્સમાં પ્રવેશની તક

## એક વર્ષનો કોર્સ : ગ્રેજ્યુએટ વિદ્યાર્થી પ્રવેશને પાત્ર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અકબારી યાદીમાં વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજ્યના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.


# ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા વાલીઓ સાથે ચિંતન શિબિર



ગાંધીનગર, તા. ૧૮

શહેરની શ્રેષ્ઠ સ્કૂલ્સમાં ગણના પામેલી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે ચાલુ સપ્તાહે વાલીઓ સાથે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્યથી આરંભાયેલા શિબિરમાં ઉપસ્થિત બસોથી વધુ વાલીઓનું આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને શાળામાં ચાલતી શિક્ષણ પદ્ધતિ, પરીક્ષા પદ્ધતિ તથા અન્ય પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના અભ્યાસ માટેની વિવિધ યોજનાઓની રૂપરેખાની ચર્ચા આ શિબિર અંતર્ગત કરવામાં આવી હતી. ઉપરાંત ઍનસીઆરટીના અભ્યાસક્રમની વિગત, જેઈઈ, ઍનઈઈટી, ગુજકૅટ વગેરે પરીક્ષાઓમાં વધુ સારી સફળતા મેળવવા શું કરવું તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સંસ્થાના ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી બાળક સાથે કેવો વ્યવહાર કરવો તે અંગે વાલીઓને વ્યવહારૂ સૂચનો કર્યાં હતાં. ઉપસ્થિત વાલીઓ દ્વારા પણ ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં હતાં.

# સમગ્ર દુનિયામાં ભારત અલગ છે



ગાંધીનગર, તા. ૧૮

૨૦૦૭-૦૮થી પ્રતિવર્ષ સર્વ વિદ્યાલયની ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એઍફઍસ અંતર્ગત વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. આ વર્ષે જાપાનથી ઈયો સોગાવા અને ટર્કીથી કાન જીજીગોન એમ બે વિદ્યાર્થી અભ્યાસ માટે આ સ્કૂલમાં આવ્યા છે.

શાળામાં પોતાના પ્રથમ દિવસે ઈયોએ અહીંના શિક્ષણને ઘણું વ્યાવહારિક અને મજબૂત ગણાવ્યું હતું અને અહીંની સંસ્કૃતિ વિશે જાણવાની ઉત્સુકતા વ્યક્ત કરી હતી. ટર્કીથી આવેલા કાને જણાવ્યું હતું કે સમગ્ર દુનિયામાં ભારત અલગ છે અને અહીં આવી હું ખૂબ પ્રસન્નતા અનુભવું છું.

વિદેશથી આવેલા બંને વિદ્યાર્થીઓને ભારતીય પરંપરા મુજબ તિલક કરી, હાર પહેરાવી આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, એઍફઍસ પ્રમુખ ડૉ. વર્ષા પારેખ અને શાળા પરિવારે ભાવભીનું સ્વાગત કર્યું હતું.

# મેહરૂપી નેહ માટે પ્રકૃતિ આકુળ-વ્યાકુળ






રાહ..પ્રતિક્ષા...ઈંતજાર... આ એવા શબ્દો છે જેનું પોતાનું આગવું વજૂદ છે-મહેંક છે. એ જયાં-જયાં અને જયારે પણ વપરાય છે ત્યારે હૃદયનું ...ભાવનાઓનું ...લાગણીઓનું પ્રતિનિધિત્વ કરે છે. સગર્ભા માતાને બાળકની પ્રતિક્ષા છે...કરવા ચોથનું વ્રત કરનારી સુહાગનને ચંદ્રની રાહ છે... ભવિષ્યની ચિંતા સેવતા વિદ્યાર્થીને પરિણામની પ્રતિક્ષા છે...કોઈને પિયુનો ઈંતજાર છે... મરણપથારીએ કોઈક મૃત્યુની રાહ જુએ છે...તો પ્રભુ ભક્તિમાં લીન ભક્તને પ્રભુદર્શનનો ઈંતજાર છે. રોજેરોજ, સંપૂર્ણ જીવન દરમ્યાન આ 'રાહ' શબ્દ આપણો હમસફર બનીને સતત સાથે ચાલે છે. જીવનભર એનો સાથ છૂટતો નથી... અત્યારે જયારે આ લખાઈ રહ્યું છે ત્યારે આપણે બધા ગાંધીનગરવાસીઓને એક જ રાહ છે...પ્રતિક્ષા છે....ઈંતજાર છે મીઠા-મધુરા-ધોધમાર વરસાદની... ટીપ-ટીપ વરસાદથી ધરતીનો તલસાટ ઓર વધ્યો છે. મેહરૂપી નેહ માટે પ્રકૃતિ આકુળ-વ્યાકુળ છે. પ્રેમ-વ્હાલની હેલી સમા મેહુલીયાની-વરસાદની હેલીની સૌ કાગડોળે વાટ જુએ છે.

'વરસાદ' કે 'વર્ષા શબ્દનો પ્રયોગ ઘણી જગ્યાએ થાય છે. જેમ કે, આનંદની વર્ષા, પ્રેમની વર્ષા, ધનની વર્ષા, આશીર્વાદની વર્ષાપ આ 'વર્ષા' અથવા 'વરસાદ' શબ્દમાં અનરાધારપણાનો અણસાર આપોઆપ જ આવી જાય છે. જયાં 'વર્ષા' છે ત્યાં બધું જ અનરાધાર...લખલૂંટ હોઈ શકે.

ધરતીની છાતી નીચે ધરબાયેલું ઘણું બધું વરસાદના સ્પર્શથી જીવન પામે છે. નાનકડા બીજના ગર્ભમાં છૂપાયેલા વિશાળ વૃક્ષનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાય છે. દેડકા જેવા કેટલાય બીનહાનિકારક જીવોને જીવન મળે છે...વાચા ફૂટે છે. એમના અવાજનું સંગીત વાતાવરણમાં ગૂંજવા લાગે છે. અચાનક જ ફિલ્મ-નાટકના સેટની જેમ આ સૃષ્ટિ પર કુદરત એક સુંદર સેટનું સર્જન કરે છે, જેમાં દરેક સજીવ કે નિર્જીવ વસ્તુ સોહામણી અનુભવાય છે. કાલ સુધી જેમાં સુંદરતાનો આભાસ સુધ્ધાં ન હતો એ દરેક ચીજ-વસ્તુ-સ્થળ-વ્યક્તિ બધામાં અચાનક સૌંદર્યનો આર્વિભાવ વરતાય છે. માનવીના મનનો બધો કલેશ જાણે ધોવાઈ જાય છે. માણસ અચાનક જ પોતાનામાં બદલાવ મહેસૂસ કરે છે. વરસાદના આગમનના વધામણાં રૂપે અંકુરિત થતું ઘાસ, નાજુક-નમણી લીલી ઓઢણી જેવું ભાસે છે. જે માણસના મન-હૃદયને લીલુંછમ બનાવી દે છે.

વાતાવરણમાં પ્રસન્નતા પ્રફુલ્લિતતા અને તાજગીના અનુભવથી ક્યારેક થાય છે કે, આ વરસાદ હંમેશા આમ જ વરસતો રહે...

વૃક્ષો-મકાનો-વાહનો વરસાદમાં નાહીને સ્વચ્છ બનેલા, ચમકદાર-નવા નક્કોર ભાસે છે. પાણીથી ભીંજાયેલા કાળા-ડીબાંગ ડામરના રસ્તાની ચમક આછેરા પ્રકાશમાં હૃદયમાં રોમાંચ અને રોમાન્સ પ્રેરે છે. આ વૈભવ ગાંધીનગરવાસીઓ પાસે છે. એ અનુભવવા માટે માત્ર જરૂર છે એ નજરની... એ નઝરીયાની.

મોરનું મહેંકવું...કોયલનો ટહુકો...છત પર પાણીની ટપ-ટપ... દરેકે દરેક હિલચાલમાં માત્ર મહેર, પ્રેમ, કોમળતા, રોમાંસનો જ આભાસ હોય, એવા સમયે ગીત-સંગીતનો સાથ ઊર્મિઓને વહેવાનો માર્ગ મોકળો કરી આપે છે.

ઉંમર ગમે તે હોય...વરસાદની ઋતુ, વરસાદ સૌ માટે એક જ પ્રકારની અનુભૂતિ હોઈ શકે. નાનામાં નાના જીવથી લઈને વયથી વૃદ્ધ સુધીના તમામના મન-હૃદયમાં ભીનાશ પ્રસરાવી દે છે આ વરસાદ. દરેક પાસે કદાચ અભિવ્યક્તિનો અવસર ન પણ હોય પરંતુ આ અનુભૂતિ પણ એક અવસર હોય છે.

આપણી ફિલ્મોમાં વરસાદ કે એનું એકાદ ગીત ન હોય તો ફિલ્મ અધૂરી લાગે...રોમાન્સનો રોમાંચ ઓછો અનુભવાય. જૂની ફિલ્મોથી શરૂ કરીને આલ્બમ ગીતો સુધી વર્ષારાણીની બોલબાલા છે. અઢળક મનમોહક ગીતોનો ખજાનો અને એવા સુંદર દ્રશ્યો આપણી સ્મૃતિમાં સચવાયેલા છે. અહીં એકાદ ગીતના ઉલ્લેખથી એને અધૂરું નથી છોડવું...પરંતુ આ લેખ વાંચ્યા પછી આપ સૌના જહનમાં એ ગીતો ગૂંજવા લાગે તો આ લખાણની અસરકારકતા અને સાર્થકતા કહેવાય.

વરસાદ ક્યારેક વધુ ઉદાસ કરી દે એવું પણ બને...પરંતુ જાણી જોઈને વરસાદની ભીની વેધક અસરથી પોતાને બચાવી-છૂપાવી લેનાર પણ હોય છે. દરેક પાસે કારણો ભલે અલગ હોય, પરંતુ જાણે પોતાને આવી વાતો અને વિચારોથી કોઈ મતલબ નથી એવું બતાવીને માણસ શું ગુમાવી રહ્યો છે એ, એ જાણતો નથી.

> "વરસાદ પ્રભુના આશીર્વાદ, એમના સ્નેહ-હેત સ્વરૂપ છે. એનાથી જીવન પ્રગટે છે... પાંગરે છે. જે પણ આ પ્રેમની અવહેલના કરે છે, એને નકારાત્મકતાથી જુએ છે એ ક્યારેય પાંગરી શકતો નથી. અંદરથી કુંઠિત અવસ્થામાં જીવતા માનવીમાં વરસાદ ઉલ્લાસ પ્રગટાવી શકે છે. પરંતુ પોતાના જ પીંજરામાં કેદ માનવી સામે વરસાદની હેલી પણ લાચારી અનુભવતી હશે."

કુદરત વર્ષમાં થોડા દિવસો આપે છે જેમાં કોઈ લેખા-જોખા કે બહાનાબાજી વિના ભીંજાઈને તરબોળ થવાનો મોકો મળે છે. માણસ ઈચ્છે તો અંદર-બહાર બધેથી તરબતર થઈ જીવનમાં આનંદનો કિલ્લોળ મહેસૂસ કરીને કરાવી શકે છે.

કેટલાક મનુષ્યોની શુષ્કતા આ મદહોશીભર્યા માહોલમાં પણ ચૂભી જાય એટલી હદ સુધી ધારદાર હોય છે. પરંતુ 'ભેંસના શીંગડા ભેંસને ભારે' એ ઉક્તિ પ્રમાણે એમને એમ જ રહેવા દઈ આપણે માંહે પડીને મહાસુખ માણી લેવું જ ઉચિત ગણાય.

અને હા, ગંદકી, ભીના કપડાં, હવાઈ જવાની પળોજણ, શરદીની ચિંતાને સૂળીએ ચઢાવી આભમાંથી વરસતા આ નશાને માણી લેવાનું ભૂલાયું તો ફરી એક વર્ષ રાહ જોવી પડશે.

વરસાદ પ્રભુના આશીર્વાદ, એમના સ્નેહ-હેત સ્વરૂપ છે. એનાથી જીવન પ્રગટે છે... પાંગરે છે. જે પણ આ પ્રેમની અવહેલના કરે છે, એને નકારાત્મકતાથી જુએ છે એ ક્યારેય પાંગરી શકતો નથી. અંદરથી કુંઠિત અવસ્થામાં જીવતા માનવીમાં વરસાદ ઉલ્લાસ પ્રગટાવી શકે છે. પરંતુ પોતાના જ પીંજરામાં કેદ માનવી સામે વરસાદની હેલી પણ લાચારી અનુભવતી હશે.

આ છપાશે ત્યાં સુધી કદાચ ધરતીની પ્યાસ બુઝાઈ ચૂકી હશે... પરંતુ આપણી પ્યાસ બેવડાઈ ગયાનું અનુભવાય તો કંઈ જ અયોગ્ય નથી. દરેક ઋતુનો આગવો અંદાજ છે પરંતુ કાળા-કાળા વાદળોથી આચ્છાદિત ગગન, ઘેલછાની સૃષ્ટિમાં ખેંચી જાય તો જાત ને છુટ્ટી મૂકીને ભીંજાઈ લેવાનો આ અવસર રખે ચૂકતા...સાથે ચાની ચૂસકી અને ગરમાગરમ ભજીયાનો આસ્વાદ સૌને મુબારક...

# સૅ. ૨ની પ્રાથમિક શાળામાં ઓરી-રૂબેલા રસી કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨ ખાતે વિદ્યાર્થીઓ માટે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વૉર્ડ નં. ૮ના કાઉન્સિલર અને ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિ. કાઉન્સિલર નરેશભાઈ પરમાર, પ્રવીણાબેન વોરા, આંગણવાડી કાર્યકરો અને વાલીઓનો સહયોગ આ કાર્યક્રમ માટે પ્રાપ્ત થયો હતો.

મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામી, અર્બન હૅલ્થ સૅન્ટરનાં ડૉ. ફાલ્ગુની ધાર, સહાયક ડૉ. એશા ટેલર, ડૉ. પૂજા ખત્રી, આચાર્ય માયાબેન પટેલ અને સૅક્ટર-૨ વસાહત મંડળના ઉપપ્રમુખ ભાનુભાઈ દવે સહિત અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# સોજા હાઈસ્કૂલમાં રસીકરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોજાના સંયુક્ત ઉપક્રમે ઓરી અને રૂબેલા રસીકરણ જાગૃતિ અભિયાન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમ અંતર્ગત શાળાના ૮૦૦થી વધુ બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવામાં આવી હતી.

આ વિષયે ગામમાં જાગૃતિ અર્થે એક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોજાના મૅડિકલ આફિસર ડૉ. પી આઈ રાઠોડ, આયુષ મૅડિકલ ઑફિસર ફાલ્ગુની શ્રીમાળી, સુપરવાઈઝર જી બી આરસોડીયા, હૅલ્થ વર્કર હર્ષદભાઈ રાવળ, ઍમ ડી મકવાણા અને સ્ટાફ મિત્રોએ સક્રિય સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે ગામના વડીલ પ્રહલાદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિ દ્વારા ઓરી અને રૂબેલા રોગનાં લક્ષણો-કારણો-જવાબદાર પરિબળો-ગંભીરતા વિશે તેમજ તેના ઉપચાર વિશે વિગતે સમજ આપવામાં આવી હતી. શિક્ષક અંકિતાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ઍમ બી સ્કૂલમાં યુવા જવાબદારી અંગે સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા અવર યુથ અવર રિસ્પોન્સિબિલિટી અંતર્ગત ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત રિસ્પૅક્ટ ગર્લ્સ વિષયે ડિમ્પલ પટેલે, ડર કે આગે જિત હૈ વિષયે વિશાલ પટેલે, સૅલ્ફ ડિફેન્સ વિષયે હર્ષવર્ધન રાઠોડે, સૅફ ગર્લ્સ વિષયે પ્રાચી ગોલે, મોટિવેશન વિષયે રાહુલ સંઘવાએ અનેહાઉ કેન ડુ વિષયે ઋત્વિક પટેલે સુંદર વક્તવ્ય આપ્યું હતું.

# આદર્શ નિવાસી શાળા ખાતે ઓરી-રૂબેલા રસી કાર્યક્રમ




આદર્શ નિવાસી શાળા (અ જા કુમાર), સૅક્ટર-૮ ખાતે ઓરી અને રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અર્બન હૅલ્થ સૅન્ટરનાં મૅડિકલ ઑફિસર ડૉ. ફાલ્ગુની ધાર, સુપરવાઈઝર નીતાબેન પટેલ અને સમગ્ર ટીમ દ્વારા ધોરણ-૯ અને ૧૦ના પંદર વર્ષની વય સુધીના કુલ ૯૬ વિદ્યાર્થીઓને આ રસી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને આયોજન આચાર્ય જી કે સોલંકીના માર્ગદર્શનમાં દિપ્તીબેન વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું.

# હવે મોબાઈલ નંબર ૨૪ કલાકમાં પોર્ટ કરાવી શકાશે મોબાઈલ નંબર

## ટ્રાઈ દ્વારા આગામી સપ્તાહે એમએનપી અંગેના નવા નિયમો જાહેર કરવામાં આવશે

હવે તમે તમારો મોબાઈલ નંબર ઝડપથી પોર્ટ કરાવી શકશો. એટલે કે તમને તમારી વર્તમાન મોબાઈલ કંપ્રીની સેવા પસંદ આવતી નથી તો તમે પોતાનો નંબર બદલ્યા વગર બીજી કંપ્રીની સેવા ઝડપથી લઈ શકશો. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈ આગામી સપ્તાહે મોબાઈલ નંબર પોર્ટેબિલિટી (એમએનપી)ના નવા નિયમો જાહેર કરવા જઈ રહી છે. આ પછી ગ્રાહક ૨૪ કલાકની અંદર પોતાનો મોબાઈલ નંબર પોર્ટ કરાવી શકશે.

હાલ પોસ્ટ પેડ મોબાઈલ ગ્રાહકોને નંબર પોર્ટિંગમાં ૮ થી૧૦ દિવસનો સમય લાગે છે. દરેક મહિને લગભગ ૭૦ લાખ લોકો મોબાઈલ પોર્ટિંગ કરે છે.

ટેલિકોમ ઓપરેટર્સ ઘણા કારણોથી મોબાઈલ નંબર પોર્ટિંગની માંગણી ફગાવી દે છે. મોટાભાગની માંગણી બેલેન્સ અને ખોટા કોડના કારણે ફગાવી દેતા હતા. ગ્રાહકોએ ટ્રાઈને આ વિશે પણ ફરિયાદ કરી છે. .

ટ્રાઈએ મોબાઈલ નંબર પોર્ટેબિલિટી (એમએનપી)ની કિંમત ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ લગભગ ૭૯ ટકા ઘટાડી દીધી હતી. જયાં પહેલા કસ્ટમરને નંબર પોર્ટ કરાવવા માટે ૧૯ રૂપિયા દેવા પડતા હતા તેના હવે ૪ રૂપિયા જ કરી નાખવામાં આવ્યા છે.

# બંસરી દવે પીઍચડી થયાં



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી તરફથી બંસરી શૌનક દવેના મૅનેજમૅન્ટ વિષયના 'એ સ્ટડી ઑન ઈમ્પૅક્ટ ઑફ જૅન્ડર ઑન ઍચીવમૅન્ટ મોટીવેશન ઑફ ઍમ્પ્લોઈઝ વિથ સ્પેશિયલ ફોકસ ઑન સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ ઈન ગુજરાત' વિષયના શોધ નિબંધને માન્યતા આપી તેમને પીઍચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

# આગામી ૨૭ અને ૨૮ જુલાઈએ સદીનું સૌથી લાંબું ચંદ્રગ્રહણ થશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૭ અને ૨૮ જુલાઈએ સદીનું સૌથી લાંબું ચંદ્રગ્રહણ જોવા મળશે. આ ચંદ્રગ્રહણ એક કલાક ૪૩ મિનિટ સુધી ચાલશે.જે સદીનું (સન ૨૦૦૧થી સન ૨૧૦૦) સૌથી લાંબું ગ્રહણ રહેશે.

આ અંગે ખગોળ વિજ્ઞાન મંત્રાલયે જણાવ્યું કે આ લાંબાં ચંદ્રગ્રહણને દેશના અનેક રાજ્યોના લોકો નિહાળી શકશે. બે સપ્તાહ બાદ થનારા આ ચંદ્રગ્રહણની શરૂઆત ૨૭ જુલાઈએ ભારતીય સમયાનુસાર (રાત્રિના ૧૧-૫૪ કલાકથી) થશે. આ દરમિયાન ચંદ્ર પર પૃથ્વીનો પડછાયો જોવા મળશે. જે ધીમેધીમે વધવા લાગશે ને બાદમાં ૨૮ જુલાઈની રાતે એક વાગ્યા સુધીમાં ચંદ્ર પૂરેપૂરો ઢંકાઈ જશે. ત્યારબાદ ધીમેધીમે ચંદ્ર પૃથ્વીની છાયામાંથી બહાર આવવા લાગશે. અને ભારતીય સમયાનુસાર ૨૮મીએ રાત્રે ૩-૪૯ કલાકે ચંદ્ર ફરી પૃથ્વીની છાયામાંથી સંપૂર્ણ રીતે બહાર આવી જશે. આ અગાઉ સૌથી લાંબું ચંદ્રગ્રહણ ૨૦૧૧માં થયું હતું જે એક કલાક ૪૦ મિનિટ ચાલ્યું હતું.

# જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય ખો-ખોની રમતમાં વિજયી

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની અન્ડર-૧૯ ખેલાડી ટીમોએ ખો-ખો (સ્વામીનારાયણ ધામ, ધોળેશ્વર) તથા હોકી (સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૫)માં પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ઈન-ચાર્જ આચાર્ય દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થિનીઓ તથા માર્ગદર્શક શિક્ષક હેતલબેન દેસાઈ અને વિનાક્ષીબેન સુતરિયાને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે બુધવારે ભારતીય કંપની સચિવ સંસ્થા દ્વારા કંપની સૅક્રેટરી અભ્યાસક્રમ અંગે સીઍસ છાવિ કોછારના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ કૉમર્સની ૧૦૮ જેટલી વિદ્યાર્થિનીઓ અને નારણભાઈ બારોટ, રમેશભાઈ પટેલ, આચાર્ય સુધાબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.